વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

વર્ષ - ૩૫ : અંક - ૫ * આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ * તંત્રી : નમ્રતા બાલી * પ્રકાશન : માર્ચ - ૬, ૨૦૧૭

# નેશનલ વિમેન પાર્લામેન્ટ

(''દુનિયાની સર્વ માતાઓના આશીર્વાદ આપના પર ઉતરો !'' તેવું ગદ્‌ગદ્ સ્વરે ઈલાબેને હિઝ હોલીનેસ દલાઈ લામાનાં નમન સ્વીકારતાં કહ્યું. 'સેવા'ના સાથી ઉમા સ્વામીનાથન ઈલાબહેનની સાથે જ હતા તેમણે રિપોર્ટ કરતાં જણાવ્યું.)

અમરાવતી, સ્વતંત્ર રાજ્ય આંધ્રપ્રદેશની રાજધાની અમરાવતીમાં નેશનલ વિમેન પાર્લામેન્ટનું મોટું જબરદસ્ત અધિવેશન દક્ષિણના યુવાનગણે આયોજ્યું હતું. તેમાં ઈલાબહેને ઉદ્‌ઘાટન પ્રવચન આપ્યું હતું. તે અંગેની વાતચીત મારે ઈલાબહેન સાથે થઈ તેનો ટૂંકો સાર લખ્યો છે.- *લીના*

***ઈલાબહેન :*** દેશભરની મહિલાઓનો મહેરામણ અમરાવતીમાં નેશનલ વિમેન પાર્લામેન્ટની કોન્ફરન્સ પ્રસંગે મળ્યો હતો. કહેવાય છે કે ૨૨,૦૦૦ જેટલું ઓડિયન્સ હતું જેમાં ૮૦% બહેનો હતી. દરેકને માટે બેસવાની સગવડ હતી. સૌ શાંતિથી બેઠા હતા. આ દૃશ્ય જ અનોખું અને દિલભર હતું. સભાના મુખ્ય મહેમાન પરમ પૂજનીય દલાઈ લામા હતા. મારે એક વડીલ 'પેટ્રન' તરીકે પાત્ર નિભાવવાનું હતું. સ્ટેજ પર, નીચે, આસપાસ હાજર હતા તે બહેનો, ઉપરાંત પાર્લામેન્ટના અને વિધાનસભાઓના જૂના-નવા મેમ્બરો, મિનિસ્ટરો, પડોશી રાજ્યોના મહિલા પ્રધાનો, મહિલા રાજ્યપાલો, આંધ્રના મુખ્યપ્રધાન, ભારત સરકારના આંધ્રના એક કેબીનેટ મિનિસ્ટર અને ભરપૂર અન્ય નેતાઓ, એક્ટીવીસ્ટો, કલાકારો, પ્રાધ્યાપકો, વકીલો, ન્યાયાધીશો, સઘળા બહેનો જ બહેનો. સરકારનું પ્રભુત્વ નહોતું અને હતું. (ફંડીગ જેણે કર્યું હોય તેનું તો રહેવાનું જ ને !)

***મેં*** પૂછ્યું કે બહેન, તમે શું બોલ્યા તમારા ઉદ્‌બોધનમાં ?

***ઈલાબહેન :*** મેં બે જ મુદ્દાઓ કહ્યા, ભારપૂર્વક, કે બહેનો તમે જાણો છો કે આપણાં દેશમાં દર ચુંટણીવાર બહેનોનું મતદાનનું પ્રમાણ વધતું જાય છે છતાંય સંસદમાં આજે મહિલા સાંસદનું પ્રમાણ ૧૧% માત્ર છે. જ્યારે દેશની વસતીમાં ૪૮% મહિલાઓ હોય તો દેશ ચલાવવાનું કામ પણ ૪૮% બહેનોના હાથમાં ન હોવું જોઈએ ? ભારતે મહિલા વડાપ્રધાન અને મહિલા મુખ્યપ્રધાનો જોયા છે જેનું આપણને મોટું ગૌરવ છે. પણ તેટલું પૂરતું નથી જ.

દેશના સંચાલન તથા શાસનના દરેકે દરેક સ્તરે આપણને મહિલાઓ જોઈએ છે. પંચાયતથી માંડીને પાર્લામેન્ટ સુધી દરેક કાનૂની સ્થાને ઉપરથી નીચે સુધી, નીચલી કોર્ટોમાં મુન્સિફ અને મેજીસ્ટ્રેટ, હાઈકોર્ટમાં, સુપ્રીમકોર્ટમાં બધે જ ! આપણે મહિલા સૈનિક ન જોઈએ, જોઈએ છે મહિલા સિવિલ સર્વન્ટ, સરકારી પ્લાનર, રિસર્ચર, ડિઝાઈનર પણ જોઈએ. પોલીસ અધિકારીઓ સહિત પોલીસમેન, નીતિ ઘડનાર તેમજ અમલકાર. એક ગણીગાંઠી થોડી મહિલા ઉચ્ચ સ્થાન શોભાવતી પ્રતિનિધિ માત્ર નહિ ચાલે. મારો પોતાનો રાજ્યસભાનો અનુભવ પણ એ જ કહે છે કે મહિલા સાંસદ ગમે તેટલો મહત્ત્વનો અભિપ્રાય રજૂ કરે પણ તે અવાજ એકલવાયો જ રહે છે, તેવું મેં નોંધ્યું. એ તો જ્યારે દેશના સંચાલનતંત્રમાં તમામ સ્તરે સત્તાશીલ મહિલાઓ કાર્યરત હશે ત્યારે જેનો આજે દેશ ચલાવવામાં કોઈ અવાજ જ નથી તેનો અવાજ જોડાશે.

અને મારો બીજો મુદ્દો મેં બહું ટૂંકામાં કહ્યો હતો :

સ્ત્રીઓના પ્રશ્નો ! કેમ વળી ?! દેશના તમામ પ્રશ્નો એ સ્ત્રીઓના પ્રશ્નો. ગરીબી એ સ્ત્રીઓનો પ્રશ્ન, પૂર્ણ રોજગાર એ સ્ત્રીઓનો પ્રશ્ન, પ્રામાણિક મજૂરીનું વ્યાજબી વળતર, સરહદના પ્રશ્નો, સ્થાનિક કે દૂર સુધી પરાણે કરવા પડતા સ્થળાંતર – આ બધા જ સ્ત્રીઓના પ્રશ્નો નથી વારું ? દેશ-દુનિયાના પ્રશ્નો એ સ્ત્રીઓના એટલા જ છે જેટલા ભાઈઓના. કેમ કે દેશની આર્થિક, રાજકીય, સામાજિક સમગ્ર પરિસ્થિતિ અને વાતાવરણનો સ્ત્રીપ્રજા અવિભાજ્ય ભાગ છે. સ્ત્રીઓના સાથ વિના કોઇ પ્રશ્ન ઉકેલાવાના નથી તે જાણી લેજો.

ફેર માત્ર એ છે કે ઉકેલ. સ્ત્રીઓના પ્રશ્નો ઉકેલવાના રીત ભિન્ન હોય છે. મારા અનુભવે કહું છું કે પ્રશ્ન ઉકેલમાં સ્ત્રીઓ નવી દૃષ્ટિ લાવે છે. હંમેશ વધુ શાંતિમય તેવા ઉપાય શોધે છે. બહેનો જો સાચા અર્થમાં ગંભીરતાપૂર્વક જાહેર પ્રશ્ન ઉકેલમાં સક્રિય થાય તો શાસનની રીત અને ગુણવત્તામાં પાયાના સુધારા લાવી શકે. મને તો એવી પૂર્ણ શ્રધ્ધા છે.

*- લીના*

(ઈલાબહેન સાથેની વાતચીતમાંથી ટૂંકસાર)

❑

# ‘સેવા’ શ્રીલંકાની મહિલા કો.ઓ. સોસાયટીની ત્રીજી વાર્ષિક સાધારણ સભા અને કારોબારીની ચુંટણી

‘સેવા’ **WSDCS** દ્વારા શ્રીલંકામાં ૨૦૧૪માં કો.ઓ.સોસાયટીની સ્થાપના થઇ હતી. ૨૦૧૬માં સોસાયટીને ત્રણ વર્ષ પૂરા કર્યા. તાજેતરમાં તા. ૨૦ ફેબ્રુઆરી ૨૦૧૬ના રોજ ત્રીજી વાર્ષિક સાધારણ સભા યોજાઇ ગઇ. સાધારણ સભામાં ઈસ્ટર્ન પ્રોવીન્સના ૩ જિલ્લાના ૯ ડી.એસ. બ્લોકમાંથી ૨૯૫

સહકારી મંડળીને ત્રણ વર્ષ પૂરા થયા એટલે પહેલીવાર કારોબારીની ચુંટણી યોજાઇ. ડિપાર્ટમેન્ટ ઑફ કો.ઓપરેટીવ વિભાગના ત્રીન્કોમાંલી અને બત્તિકલોઆના કુલ ૪ સરકારી અધિકારીઓની હાજરમાં સભા અને ચુંટણી યોજાઇ. સહકારી મંડળીની પ્રણાલિ પ્રમાણે ધંધા પ્રમાણે બહેનોના પ્રતિનિધિ



*વાર્ષિક સાધારણ સભાના આરંભે સર્વધર્મ પ્રાર્થના*

સભ્યબહેનોએ ભાગ લીધો. સભ્યબહેનો મુખ્યત્વે ખેતી, ફૂડ પ્રોસેસીંગ, ગારમેન્ટ સિલાઇ, તેમજ અન્ય ધંધા સાથે સંકળાયેલ છે. શ્રીલંકાની સહકારી મંડળીની વાર્ષિક સાધારણ સભામાં પણ ‘સેવા’ની પ્રણાલિ પ્રમાણે સર્વધર્મ પ્રાર્થના અને ગાંધીજીના અગિયાર મહાવ્રતોની વાત પણ બહેનોએ સાથે મળીને ગાઇ. સાધારણ સભામાં અંતરિયાળ ગામોની બહેનો પણ આવ્યા હતા. આ બહેનો અસરગ્રસ્ત નહોતા, આ બહેનોએ પણ કામની માંગણી કરી. ખેતીકામ સાથે સંકળાયેલ બહેનોએ બિયારણ, ખાતર, અને માર્કેટિંગની માંગ કરી.

ચુંટણીમાં ઊભા રહ્યા. સાથે સાથે જિલ્લા અને ધર્મને પણ પ્રાધાન્ય અપાયું જેથી દરેક ધંધા અને સમુદાયની બહેનોનું સહકારી મંડળીમાં પ્રતિનિધિત્વ જળવાઈ રહે. ચુંટણી બાદ સર્વાનુમતે સભ્ય બહેનો ચુંટાયા અને કુલ ૧૧ સભ્યબહેનોની કારોબારી બની જેમાં ખેતીના કામ સાથે સંકળાયેલ બત્તિકલોઆ પ્રાંતના સભ્યો બહુમતીથી ચુંટાઇ આવ્યા. અન્ય સભ્યોમાં ફુડ પ્રોસેસિંગ અને ગારમેન્ટના બહેનો અમ્પરા અને ત્રિન્કોમાલીના બહેનો ચુંટાઇ આવ્યા.

સાધારાણ સભામાં બહેનોના એક જૂથે નાટક ભજવ્યું જેના



*શ્રીલંકાના સભ્યબહેનોની મોટી સંખ્યામાં વાર્ષિક સાધારણ સભામાં ઉપસ્થિતિ*

દ્વારા બહેનોની સામાજિક-આર્થિક પરિસ્થિતિ દર્શાવવામાં આવી. ત્રણ વર્ષના સંગઠન પછી બહેનોની પરિસ્થિતિ બદલાઇ છે. બહેનો સાથે મળીને સંગઠિત થયા છે અને સંગઠનનું મહત્ત્વ પણ સમજતા થયા છે. આર્થિક સશક્તિકરણથી બહેનોની સામાજિક પરિસ્થિતિ પણ બદલાતી જોવા મળી. બહેનોએ સાથે મળીને સંગઠનના ગીતો પણ ગાયા.

રાજ્યકક્ષાના સહકારી મંડળીઓના આસિસ્ટન્ટ કમીશનરે બહેનોની કામગીરી અને ટૂંકા સમયમાં જ બહેનોએ મેળવેલી સફળતાને બીરદાવતા જણાવ્યું કે, સંઘર્ષોની વચ્ચે પણ તમે પાયો એકદમ મજબૂત બનાવ્યો છે. હવે નવી કારોબારીની જવાબદારી બને છે કે અહીંથી વધુ બહેનો સુધી પહોંચીને આગળ ને આગળ વધતા જ રહો. આ પ્રસંગે તેમણે ભારત સરકાર અને ‘સેવા’નો આભાર માનતા વધુમાં જણાવ્યું, છેક શ્રીલંકા સુધી આવીને અસરગ્રસ્ત બહેનોને સંગઠનનું મહત્ત્વ સમજાવ્યું ને સાથે-સાથે તાલીમો આપી તેમનો આત્મવિશ્વાસ વધાર્યો ને એનાથી જ તેમનો શક્તિવિકાસ થયો છે. સરકાર તરફથી તેમને હંમેશાં પ્રોત્સાહન, સહાય અને તાલીમોની પણ ખાતરી આપી. આગળ તેમણે જણાવ્યું કે, આ સહકારી મંડળીની મુખ્ય ખાસિયત એ છે કે, બધાં જ પ્રકારના કામો, પ્રાંતો અને સમુદાય સાથે સંકળાયેલ બહેનોને આ સહકારી મંડળીમાં સમાવી લેવામાં આવ્યા છે જેના કારણે દરેક કામ અને સમુદાયની બહેનોનું પ્રતિનિધિત્વ જોવા મળી રહ્યું છે. આ પ્રસંગે ‘સેવા’માંથી મેઘાબહેન અને દમયંતીબહેને ચુંટણીના નિમયો, કારોબારીનું મહત્ત્વ, ભૂમિકા અને જવાબદારી વિશે વિસ્તૃત સમજ આપી હતી.

પાંચ વર્ષ પહેલાં ‘સેવા’એ સંગઠનની શરુઆત કરી હતી. આજે બહેનોની મહેનત ફળી હોય તેવું દેખાઇ રહ્યું છે. પાછલા ત્રણ વર્ષમાં સંગઠને ઘણો જ વિકાસ કર્યો છે. કારોબારી, મંડળી અને સંગઠન આગળ વધે તેવી શુભેચ્છા સાથે સાધારણ સભાનું સમાપન થયું.

❑

## બદલાતા રંગો

# કામ તો બદલાય છે, જીવન ક્યારે બદલાશે ?

આજે જોહરાબેન સંગઠક અને રાધાબેન અગરબત્તી કામદારના આગેવાન સાથે વિસ્તારમાં જતી હતી. રસ્તામાં અમે એકબીજા વાતો કરતા હતા. જોહરાબેન બોલ્યા કે હવે બહેનો પોતાનો પરંપરાગત ધંધો છોડવા લાગ્યા છે. મેં કહ્યું, એવું કેમ ? તો રાધાબહેન કહે, અત્યારે દિવસે ને દિવસે કામમાં બહુ બદલાવ આવતા રહે છે. ફેશન બદલાય, નવા મશીનો આવે એટલે પરંપરાગત કામો જૂના થાય એટલે બહેનોને પણ રોજી માટે નવા કામો કરવા જ પડે.

વાતો-વાતોમાં સરસપુર પહોંચી ગયા. સરસપુર એટલે ભગવાન જગન્નાથજીનું મોસાળ! અષાઢી બીજના દિવસે જ્યારે ભગવાન જગન્નાથ નગરયાત્રાએ નીકળે છે ત્યારે લોકો રંગેચંગે ફૂલોના હાર સાથે શરણાઇ-ઢોલ વગાડતા ભગવાનનું સ્વાગત કરવા આવે. અહીયા જોવા મળે જુનવાણી ઢબના ઘર. મોટી મોટી હવેલી જેવા દેશી નળિયાવાળા ઘર ને તેમા મોટી દઇત ઓસરી હોય ને લાકડાની નળી ઉપર હિંડોળો બાંધેલો હોય ને એ જોઇને ઝુલા ઝુલવાનું મન થઇ જાય. એક ઘર જોઇએ ત્યાં બીજા ઘર સામે નજર પડે તો જોયા જ કરીએ.

અહીયા બહેનો મોટે ભાગે ઘરમાં બેસીને કામ કરે. ઘરખાતા કામદારો કોઇ મોતીના મણકાનીમાળા બનાવવાનું કામ કરે તો જેકો મોતીના સામૈયા ભરવાનું, ભગવાનના વાઘા

બનાવવાનું, વરરાજાના સાફા બનાવવાનું તેમજ પાનેતરમાં મોતીકામ કરવાનું કામ કરે.

સરસપુરની શણગાર શેરીમાં જતા ડાબી બાજુએ શિલાબેનનું ઘર આવે. તે તો ઘણાં વર્ષોથી મોતીના સામૈયા ભરવાનું કામ કરતા હતા. શીલાબેન કહે છે આ કામમાં મારે તો બહુ ફાવટ મારા ઘરવાળા સારંગપુર કાપડ માર્કેટમાં દુકાનમાં કામ કરે છે. મારે ત્રણ બાળકો છે. બે દીકરીઓના લગ્ન થઇ ગયા છે તેમના ઘર પરિવારમાં સુખી છે અને નાનો દીકરો કોલેજ કરી હવે કોમ્પ્યુટર ડીપ્લોમા કરે છે. ઘણી મહેનતથી થોડુ ઘણુ છોકરાઓને ભણાવ્યા છે. ધીરે ધીરે ઘરની પરિસ્થિતિ થોડી સુધરી.

મોતી કામમાં એકદમ જીણા જેકો મોતી અને સાવ જીણી સોય લઈને ભરીએ તો આ કામ થાય. સહેજ પણ જો મોટી સોય હોય તો મોતી તૂટી જાય અને ભરવામાં ફાવે પણ નહી. એક સામૈયુ ભરીએ એટલે લગભગ ૧૦ થી ૧૨ દિવસ જેટલો સમય લાગે અને તેના ૨૫૦ થી ૩૦૦/- રૂપિયા મળી જાય. પહેલા તો લોકો શુભ પ્રસંગ હોય જેમ દીકરીઓના લગ્ન કે આણા-પરીયાણા હોય તો પહેલા ભરત ભરેલું સામૈયુ તો લેવું જ પડે તેવી માન્યતા હતી, ને જ્યારે હવે ના સમયની સાથે ફેશન બદલાય છે અને લોકોના વિચારો પણ બદલાવા લાગ્યા છે. હવે તૈયાર મીના-જડીત સામૈયા આવી ગયા છે, એટલા માટે આ હાથ ભરતકામ વધારે ચાલતું નથી. તેથી આ કામ સાવ ઓછુ થઇ ગયુ છે એટલે મે પણ મારું બદલીને સ્ટોન લગાડવાનું કામ કરું છું. સ્ટોન લગાવવામાં દિવસના ૫૦ કે ૬૦ રૂપિયા જેટલું કામ થઇ જાય. જો મળે તો, ઘરે બેઠા આ કામ કરી લઉ છું. ને હમણાં તો દિવાળી ગઇ ત્યારનું તો સાવ કામ બંધ જેવુ જ છે. કામ મળે ને ના મળે એવું જ ચાલે છે. આ બદલાવતા આર્થિક પ્રવાહોમાં કામની કોઇ સુરક્ષા જ નથી, બદલાતા પ્રવાહો સામે બદલાતા ધંધાઓની તાલીમો અને તે કામો સાથેનાં જોડાણ કરવા એ ખૂબ અગત્યનું છે.

ત્યાંથી આગળ વાસણશેરીમાં આવતા જ સિલાઇ કામ કરતા માલતીબેનનું ઘર દેખાયું તો એમને પણ મળ્યા. માલતીબેન સાદા, રેશમના અને મખમલના કાપડના નાનાં નાનાં ટુકડાંમાંથી કટીગ કરીને સિલાઇ કરી ઉપર રંગબેરંગી કલરની લેસ લગાવીને શ્રીજીના વાઘા તૈયાર કરવાનું કામ કરે છે તે હું તો એ જોતી જ રહી!! વાત કરતા માલતીબેન કહે, જેમ દિવસ જાય તેમ સિલાઇના કામમાં રોજે રોજ કંઇક નવીનતા આવતી જાય છે. હું વાઘા સીવુ ને મારી દીકરી સંજના તેના પર થોડી થોડી ટીલડી લગાવે એટલે તે વધુ સુંદર દેખાય અને લોકો તેને ખરીદે. સંજના કોલેજના ત્રીજા વર્ષમાં ભણે છે. ને ઘરમાં મને થોડી મદદ પણ કરે છે. હમણાં થોડા વખતથી આ કામ ઓછુ થઇ ગયું છે. એટલે હવે પંજાબી ડ્રેસમાં સ્ટોન લગાવવાનું કામ કરું છું અને બીજા બહેનોને પણ ઘરે કામ આપુ છું. સ્ટોનમાં નાની-મોટી સાઇઝના તેમજ ડિઝાઇનીગ પત્તીવાળા અને નાના નાના ડાયમંડ એમ બધી રીતના સ્ટોન લગાડવાનું કામ આવે છે. મારા ઘરવાળા જ્યાં કામ કરે છે ત્યાંથી જ વહેપારી ઘરે આવીને માલ બનાવવા માટે આપે, ને તૈયાર થયેલો માલ લઇ જાય. સ્ટોનના કામમાં ડિઝાઇન પ્રમાણે કામ કરવાનું હોય છે. જેમ કે ૧૦૦ સ્ટોન લગાવે તો એક રૂપિયો ભાવ મળે તેવી રીતે જુદી જુદી ડિઝાઇન પ્રમાણે એક ટોપના સ્ટોન લગાવવાના ૫ કે ૮ અથવા ૧૦ રૂપિયા ભાવ મળે છે. તેમજ જો હેવી ડિઝાઇનીગ ડ્રેસ હોય તો તેમા ડાયમંડ લગાડવાના હોય તેના ૧૦૦ ડાયમંડ લગાવવાના બે થી અઢી રૂપિયા ભાવ મળે. આ કામ હાલમાં વધારે ચાલે છે. અને તેથી હું બીજા બેનોને ૫૦ પૈસા કમીશન લઇને બનાવવા આપુ છું. ક્યારેક બહેનોએ જો ડિઝાઇનમાં ફેર પાડયો હોય તો વહેપારી કહે તેમ સ્ટોનની ગણતરી કરી સુધારીને ધ્યાનથી ગોઠવણી કરી આપવાના હોય છે. એટલે ઘણુ ધ્યાનપૂર્વક કામ કરવું પડે છે.

માલતીબેને કહ્યું તેમ ફેશન બદલાય એટલે કામમાં પણ ઘણા બદલાવો આવતા જાય છે તેમ કામમા ંનવીનતા પણ લાવવી જ પડે ને! ત્યાંથી આગળ અમે બાપુનગરમાં આવ્યા. અહીં બહેનો કહે છે કે, ૪-૫ વર્ષથી અમારા જુના કામધંધા હવે અમે છોડી દીધા છે અને બીજા નવા કામો કરીએ છીએ. જેમ કે માથોડાકામ, ચમચી ભરવાનું, બોક્ષ બનાવવાનું, ફોટોળેમ પર ટીકી ચોટાડવાનું અને ડ્રેસ પર સ્ટોન લગાડવાનું કામ કરીએ છીએ.

બાપુનગરના જનરલ હોસ્પિટલ સામે હરદાસનગરની ચાલીમાં ગઇ હતી રહેતા રઇબેન રાવળને સ્ટોન લગાવતા જોયા તો મે પુછ્યું, કામમાં એટલા તો ડુબેલા હતા તે મારો અવાજ સાંભળ્યો ત્યારે સામે નજર ઉંચી કરી જોઇ ને બોલ્યા, હું ૩૦ વર્ષ પહેલા પરણીને આવી ત્યારે મારા ઘરવાળા સાથે પાંચકૂવા માર્કેટમાં માથોડા કામ કરતી, તે ૧૭ વર્ષ સુધી કર્યુ.એ વખતે ચાર આઠ આના ગાંસડી નાખવાના મળતા તે આખો દિવસ મજૂરી કરું ત્યારે ૧૦-૧૨ રૂપિયા મળતા એમા ખાવા-પીવાનું પૂરું કરતાં ને ભાડાનાં છાપરામાં ભાડુ ભરતા. બાળકો થયા ને એમના ઘોડિયા લારી સાથે બાંધીને ખેંચતા જતા. જેમ તેમ છોરા મોટા થયા ને પૈઇ-પૈઇ ભેગી કરી રાત-દી મજૂરી કરી આ નાનકડુ ઘર બનાવ્યું. ને માંડ થોડુ સારું થયુ ત્યાં મને માંદગી આવી તે કામ મૂકવું પડયું. કારણ કે, આ માથે વજન ઉપાડવાનું કામ મારાથી થતું નહોતુ. એટલે એ કામ મૂક્યું ને પછી ઘરે બેઠા અગરબત્તી વણવાનું કામ શરૂ કર્યુ તે ૧૦ વરસ બત્તી વણી. એ વખતે ૧૦૦૦ બત્તી વણીએ તો ૮ થી ૧૦ રૂપિયા મળતા તે ઘરે બેઠા એ કામ કરતી. પણ એમાંય આ મશીન આયા તે ઈ કામ ય બંધ થઇ ગયું. ને પછી આવું સ્ટોન લગાવવાનું કામ આવ્યું તે ઈ કામ હું ને મારી વહુ સાથે મળીને કામ કરીએ. ઘરકામમાંથી પરવારી હું નવરી થઇ ખાટલે એક પાટીયુ લઇને એક ડીશમાં

સ્ટોન રાખું મારી વહુ ગુંદર લગાવીને આપે તેના પર હું દીવાસળીની સળીથી સ્ટોન લગાવું છું. તેમા થોડું પણ આગળ પાછળ થાય તો તે સ્ટોન કાઢીને ફરી સુધારીને પૂરું બનાવીને આપે. રોજ આપવા લેવાનું કામ એ સારી રીતે ગણતરી કરીને આપે. આ કામમાં રોજ કોઈને કોઈ નવું ને બદલાતું કામ આવે. એટલે મને બહુ ફાવે નહી. મારી વહુ ધ્યાનપૂર્વક કામ કરે.

મારાથી નીચે નથી બેસાતું સતત બેસી રહેવાનું એકધારી નજર રાખવાની એટલે ડોક, કમરમાં દુઃખાવો થાય અને આંખો પણ બળે છે. મને એક વાતની બહુ ખુશી થાય છે કે મારી વહુ મને ઘણો સાથ આપે છે એની મદદથી કામમાં પહોંચી વળાય છે ને તે મારુ પણ બહુ ધ્યાન રાખે છે. એ તો ના જ કહે છે કામ કરવાની પણ, આ જીવ એવો છે ને કે માને જ નઈ ને!

ત્યાંથી થોડે આગળ ચાલ્યા ત્યાં ઘરના ઓટલે બેઠેલા લક્ષ્મીબેન તારાચંદ જયસ્વાલ કહે છે, મેં ના રાજસ્થાન કે ભરતપુર ગાંવ કી રહને વાલી હૂં. શાદી હુઇ તબ સાસ- સસુર કે સાથ ગાંવ મે રહી ઔર બીડી બનાને કા કામ કરતી થી. મેરે પતિ અહમદાબાદ મે છૂટક મજુરી કરતે થે ઉસમે સે થોડા બહુત બચા કે ગાવ મેં ભેજતે થે. મેરે પતિ છે મહિને મે એકાદ બાર ગાવ આતે થે. બચ્ચે હુએ, બચ્ચે છોટે થે તો સાસ-સસુર બોલતે કી અભી ઉસકે કામ કા ઠીકાના નહી, ઔર નાહી રહને કા ઠીકાના તો ઐસે મે પૂરે પરિવાર કો કહાં રખેગા ? ઇસ લીયે ૧૭ સાલ તક ગાંવ મે રહી. અભી સાત સાલ સે મૂજે યહાં બુલા લીયા હૈ. જબ મે યહાં અહમદાબાદ મે આઇ તો બિલકુલ નયી થી યહાં કી ભાષા ભી નહી આતી થી, યહાં કી કોઇ જગા ભી માલુમ નહી થી બહોત પરેશાન હો જાતી થી. બચ્ચે કો સ્કૂલ ભેજના હો તો વો મેરે ઘરવાલે રખને જાતે થે. પૂરા દિન ઘર બેઠી રહતી થી. કુછ દીન ઐસે ગયે ફીર ચૌલ કે આસપાસ મેને દેખા કઇ બહેને થાલી લેકે બૈઠે બૈઠે ઇસ્ટોન લગાને કામ કરતી હૈ. મુજે ભી તાજ્જુબ હુઆ કી યે કૈસા કામ હૈ ? ફીર મેંને ભી એક કુર્તા લીયા ઔર પહેલી બાર યે કામ કીયા ફીર દુબારા લીયા એસે કરકે મેંને ભી કામ લાના શુરૂ કીયા. ધીરે-ધીરે મેં ભી ઘર કે બહાર નીકલને લગી માલ બનાકર દેને જાને લગી સબ સમજ આને લગા બાદ મે દુસરી બહનોં કો ભી કામ દેને લગી. ઘર બૈઠે હી મે ૪ સે ૫ હજાર રૂપે કા કામ કર લેતી થી. પર યે સાલ કી દીવાલી કે બાદ કા તો બિલકુલ હી કામ બંધ હૈ. મેં ને કહા ક્યું બંધ હૈ ? તો બોલે કી યે નોટબંધી હૂઇ તો બહોત નુકશાન હો ગયા મેરા. જો ભાઇ સે હમ ઇસ્ટોન લગાને કા કામ લેતે થે વો ભાઇ કો મેરા ૨૯ હજાર રૂપિયે કા કામ કીયા થા. વો લે કે કહી ચલા ગયા. હમને ઉસકે ઘર જા કે દેખા તો બોલે કી ભાડે કા ઘર થા તો ખાલી કર કે ચલા ગયા. ઉસકા ફોન નંબર ભી ગલાતે હૈ તો ફોન ભી બંધ આતા હૈ. ઉસકા કહી કુછ પતા-ઠીકાના નહી ચલતા. અભી જો બહનોને કામ કીયા થા ઉસકો મેંને લોન લેકે સબકા પૈસ ચૂકતે કીયા હૈ. વો તો મુજે ઠગ ગયા લેકિન મેં અપની બહેંનો કો કૈસે ઠગ સકતી હું. ઉનકી મહેનત કે પૈસે તો મુજે દેને હી થે. બહોત ગુસ્સા આતા હૈ પર ક્યા કરું પૈસા તો પૈસા પર તીન મહિના હોને કો આયા અભી તક કીસી ઔર જગહ સે કામ ભી નહી મીલતા. ક્યા કરે અબ કૌન સા કામ કરે કી હમારા ઘર કા ગુજારા હો ?

કટીંગ કામ કરતા સુનિતાબેન જૈન કહે છે અમદાવાદમાં આવ્યે ૩૧ વર્ષ થઇ ગયા છે. મેરા દેશ મધ્યપ્રદેશ કે ગ્વાલીઅર જિલ્લા કા જાશી ગાંવ હૈ. હમારે ગાંવ મે પહેલે ખેતી કા કામ કરતી થી યહાં આઇ તો યે કટીંગ કા કામ કરને લગી. મેરે પતિ રીક્ષા ચલાતે હૈ. હમારે ઘર આકે વ્યાપારી માલ લે દે જાતા હૈ. કભી મેરે પતિ ભી ઉસમે મદદ કરતે હૈ. હર રોજ કા ૩૦૦ સે ૪૦૦ રૂપિયે કા કામ હોતા થા. કઇ તરહ કા કટીંગ કામ હોતા હૈ. કભી કોઇ તો કભી કુછ હર એક દીન કુછ ના કુછ નયા પુરાના કામ આ જાતા હૈ. અભી યે જો શુટ પીસ આતા ઉસપે જો પેચ લગતા હૈ ઉસકા કટીંગ કરતી હું. એક પેચ કટીંગ કા ૨૫-૫૦ પૈસા, જૈસા કટીંગ વૈસા ભાવ મીલ જાતા હૈ. ઉસકે બાદ મેં વહી પેચ પર યે સ્ટોન લગાને કા કામ હોતા હૈ. બાદ મે વહી પેચ કુર્તે પર લગાયે જાતે હૈ. ઉસ સે શુટ પીસ દીખને મે બહોત સુંદર લગતા હૈ તો માર્કેટ મે બહોત ચલતા હૈ. પર અભી ૪ મહિને સે બિલકુલ કામ ઠંડા હો ગયા હૈ. પૂરે દિન મે ૮૦ રૂપિયે કા કામ નહી હોતા. યે નોટ ક્યા બદલી હમારા તો પૂરા કામ હી ઠપ હો ગયા ? ઘર મેં હમ ૬ લોગ હૈ અભી કૈસે ગુજારા હો અપને પરિવાર કા ? આપ હી બતાઓ ?

''સ્કીલ ઇન્ડિયા''માં આ અસંગઠિત ક્ષેત્રના ગરીબ-શ્રમજીવીઓને કેવી રીતે જોડવા તે એક પડકાર છે. સરકાર જો આ કરે તો, આવડત-કામ-મજબૂત આવકના તાણા-વાણા વણાશે. સરકારી નીતિ-કાર્યક્રમો જે ઘડાય છે તે ઉપરથી નીચે સુધી લાવવા જરૂરી છે. .

અમદાવાદના શ્રમજીવી વિસ્તારોમાં બહેનો સાથે વાતો કરી એના પરથી વિચાર કરતાં થઇ જવાય. આખો જનમારો બહેનોનો મજૂરીના કામોમાં જાય. એક કામ છોડવું પડે ને બીજું કામ શીખવું પડે. કામ ના કરે તો ઘર કેમ ચાલે.વરસોથી આ ચક્કરમાં પીસાતા શ્રમજીવી બહેનોના કામમાં તો બદલાવ આવે છે પણ એમના જીવનમાં બદલાવ ક્યારે આવશે ?

- *ગોમતી*

❑

# તાણાવાણા

'સેવા' અકાદમી અને જર્મન કમીશન ફોર જસ્ટીસ એન્ડ પીસ સંકલિત એક્ઝપોઝર ડાયલોગ્ઝ પ્રોગ્રામ (ઇડીપી)નું તા. ૪થી ફેબ્રુઆરીથી ૧૧ ફેબ્રુઆરી સુધી આયોજન કર્યું. આ કાર્યક્રમ દ્વારા ટેક્સાઇલના વ્યવસાયમાં દક્ષિણ – દક્ષિણ ઉત્તરમાં આવેલ વૈશ્વિક સ્તરે ટેક્સટાઇલના કામની દરેક પ્રક્રિયાને આવરી લઇ

(Value Chain) દરેક સ્તરે કામ કરતા કામદારની પરિસ્થિતિ જાણવી અને સેવા અકાદમી ઘરેબેઠા કામદાર વણાટકામના બહેનોના જીવન અને આજીવિકાની સમજ અને પ્રયાસ સંસ્થાએ સ્થળાંતર અને બાળરોજગારીની સમસ્યા વિશે પણ જાણકારી આપવાનો હતો.

જે સંસ્થાઓએ સાથે મળીને કાર્યક્રમ કર્યો તે સંસ્થાઓમાં સેવા અકાદમી, પ્રયાસ, સેન્ટર ફોર લેબર રિસર્ચ એન્ડ એક્શન, જર્મન કમિશન ફોર સોશ્યલ જસ્ટીસ એન્ડ પીસ અને ઇન્ડિયન સોશ્યલ ઇન્સ્ટીટ્યુટનો સમાવેશ થાય છે.

ઇડીપીનો વિષય સ્થળાંતરિત કામદારોથી ઘરખાતાના કામદારો - ડીસન્ટ વર્ક વૈશ્વિક મૂલ્ય, સશક્તિકરણમાં આવતું પરિવર્તન અને અસંગઠિત ક્ષેત્રમાં કામદારોની એકતા.

***ઇડીપીનો સંદર્ભ :***

વૈશ્વિક પરિવર્તન સંગઠિત અને અસંગઠિત ક્ષેત્રના અર્થતંત્રને અસર કરે છે. આ આખીય પરિસ્થિતિમાં કામદારો માટે કામની અસલામત જગ્યા, સુરક્ષાનો અભાવ, કામની અદશ્યતા, સ્થળાંતરિત કામદારોને પેટાકરાર વિગરે. વૈશ્વિકસ્તરે આવતા પરિવર્તનના કારણે પ્રાથમિકસ્તરથી લઇને ઉત્પાદનના આખરી પ્રક્રિયા સુધીના કામોમાં આવતા પરિવર્તન જેમ કે કપાસથી માંડીને વેપાર સુધી. આ કાર્યક્રમમાં યુગાન્ડા અને જર્મનીથી આવેલ પ્રતિનિધિઓ સહભાગી થયા હતા. તેમનો મુખ્ય હેતુ ગુજરાત અને રાજસ્થાનના ટેક્સટાઇલ વ્યવસાય સાથે સંકળાયેલ કામદારોની પ્રાથમિક ક્ષેત્રથી માંડીને અંત સુધીના ક્ષેત્રમાં કામદારોની કામ અને જીવનશૈલીની પરિસ્થિતિ જાણવાનો હતો.

***હેતુઓ :***

ઇડીપીના વર્ષોના અનુભવોને આધારે આ કાર્યક્રમમાં આંતરરાષ્ટ્રીય મજૂર સંઘ દ્વારા નિર્દેશિત મજૂરોના અધિકારોની વૈશ્વિકસ્તરે દર્શાવેલ મૂલ્ય, તેમજ સામાજિક સંવાદ અને સામાજિક શાંતિને ફેલાવો કરવો. સહભાગી પ્રતિનિધિઓ અને ભારતના સહભાગીઓ સાથે મળીને અસંગઠિત ક્ષેત્રના કામદારોના સશક્તિકરણના પેચીદા મુદ્દાઓ જે વૈશ્વિકસ્તરના વેપાર સાથે પણ સંકળાયેલ છે અને તેમાં ભારતના પણ સહભાગીદારોનો સમાવેશ થાય છે.

- ભરતી અને રોજગાર યોજના સમજવી જે અસંગઠિત ક્ષેત્રને અનિશ્ચિત પરિસ્થિતિમાં રાખે છે.

- રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીયસ્તરે કામદારોની એકતા જળવાય તે માટે સામાજિક સંવાદોના વધુમાં વધુ માળખા ઊભા કરવા.

- ૨૦૩૦ના લક્ષ્યાંક પ્રમાણે સંગઠનના સાધનો ઓળખવા, સામાજિક સંવાદ માટે સશક્ત મંચ શોધવા, વૈશ્વિકસ્તરે એક કામદારોના હક માટે એક સેતુ ઊભો કરવા તેમજ ટકાઉ અર્થતંત્ર સ્થાપિત કરવો.

- દક્ષિણ દક્ષિણ ઉત્તર ત્રિકોણીય નેટવર્ક ઊભું કરવું અને આદાનપ્રદાન માટેનું મંચ તૈયાર કરવું.

***સહભાગીઓ :***

સેવા અકાદમી, પ્રયાસ સેન્ટર ફોર લેબર રીસર્ચ એન્ડ એક્શન, ઇન્ડિયન સોશ્યલ ઇન્સ્ટીટ્યુટ અને જર્મન કમીશન ફોર જસ્ટીસ એન્ડ પીસ (ઇડીપી, સરકારો, વિકાસલક્ષી કર્મશીલો, સામાજિક સહભાગીઓ, રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સ્તરે સુશાસન માટે રસ દાખવતા સર્વે લોકો.

યુગાન્ડા અને જર્મનીથી એક્સપોઝર માટે આવેલા મહેમાનો, ભગીની સંસ્થાઓ, સંગઠનના સભ્યો, આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થાન પ્રાદેશિક કચેરી, વીગો, હોમનેટ, સી.એસ.આર. જર્મન સરકાર અને અમલીકરણ નાણાંકીય એજન્સી, સીસીસી, જર્મન ટેક્સટાઇલ એલાઇન્સ, ફાઉન્ડેશન, કેરીટાસ, જી.ટૂ.ઝેડ. કે.એફ. ડબલ્યુ, બી.એમ.ઝેડ અને અન્ય ભારતીય ચર્ચના સભ્યો.

***પ્રતિસાદ :***

વિસ્તારમાં થયેલ મુલાકાત ઘણી જ સઘન રહી. મહેમાનોએ પોતાના અનુભવોમાં જણાવ્યું કે, યજમાન સભ્ય સાથે રહેવાથી તેમના પ્રશ્નોથી માહિતગાર થયા. ખાસ કરીને સામાજિક સુરક્ષા, વ્યવસાય સાથે સંકળાયેલ જોખમો, સફાઇ, અમારાં નેતાઓના માલિકો અને કામદાર વિભાગ સાથેના સંઘર્ષો વિગેરે વિશે વિસ્તૃત સમજ કેળવાઇ.

યુવીન કાર્ડ (અસંગઠિત ક્ષેત્રના સભ્યોનું ઓળખપત્ર)થી સહભાગીઓ ઘણાં જ પ્રભાવિત થયા. આ કાર્ડનો બીજા રાજ્યો અને દેશોએ પણ અમલ કરવો જોઇએ.

સ્ત્રીઓ અને ખાસ કરીને દલિત સ્ત્રીઓની સામાજિક અને આર્થિક પરિસ્થિતિ વિશે, તેમજ સ્ત્રીઓને નબળા પાડતા પરિબળો વિશે પણ ચર્ચા કરી. તેમણે 'સેવા'ના ગરીબ અસંગઠિત ક્ષેત્રની મહિલાઓ સાથેના જોડાણ અને તેમને સશક્ત કરવાની આખી ય પ્રક્રિયાને વખાણી તેમજ સ્ત્રીઓના પૂર્ણ રોજગાર અને સ્વનિર્ભરતાના ધ્યેયથી ઘણાં જ પ્રભાવિત થયા.

વીગો અને હોમનેટ સાઉથ એશિયા દ્વારા ઘરખાતાના કામદારો પર સાઉથ એશિયામાં થયેલ અભ્યાસ પર વિશેષ અહેવાલ રજૂ થયો તેમજ તેમના ઘણાં જ હકારાત્મક અભિપ્રાયો પણ આ કાર્યક્રમનો મહત્ત્વનો ભાગ બન્યો.

- ***રીમા કપુર***
સેવા અકાદમી

❑

# રચયિતા બાંધકામ મંડળીના કારોબારી મધુબેનને શ્રધ્ધાંજલિ



આપણા કડિયા કામદાર આગેવાન કારીગર મધુબેન 'સેવા' સાથે વર્ષોથી જોડાયેલા એક જુના સભ્ય હતા. નાના મોટા કડિયાકામ કરતા કરતા સેવામાં જોડાયા અને એક આગેવાન/પ્રતિનિધિ તરીકે હંમેશા આગળ રહયા અને તેમની ગોમતીપુર સુખરામનગરની બેનો ને તેમના પ્રશ્નો સેવામાં લાવી રજૂઆત કરતા અને આ મધુબેન અને સભ્ય બેનોની ભલામણ/આગેવાની હેઠળ રચયિતા બાંધકામ મંડળીની રચના થઇ અને મંડળીના સક્રિય કારોબારી તરીકે ફરજ બજાવી અને એક કારીગર બનીને મંડળીમાં ખૂબ કામ કર્યુ અને મંડળી એ જેટલા પ્રોજેક્ટ્સમાં બાંધકામનું કામ કર્યુ ત્યાં બધે જ ચણતર પ્લાસ્ટરના કામમાં એમની માસ્ટરી અને સાથે-સાથે આખી સાઇટ એ મેનેજ પણ કરે કેટલા કામદાર જોઇશે કેટલું મટીરિયલ જોઇશે એ બધાની એમને સૂજ પડે એ મને કાયમ કે, ''વર્ષાબેન કામ રાખતા પહેલા તેના ભાવ બરોબર ભરો. આટલા ઓછા ભાવ ભરો એટલે મંડળીમાં કઇ મળે નહી.'' ખરેખર કામ કેવી રીતે રાખવું અને મેનેજ કરવું આ બેન પાસેથી હું શીખી આ ઉપરાંત સેવામાંથી તેમણે નેધરલેન્ડ જઇ બાંધકામમાં વપરાતી નવી આધુનિક ટેકનોલૉજી/મશીનરીની પણ તાલીમ લીધી.

આ બેને રાત દિવસ આ કડિયાકામ પાછળ જ આખી જિંદગી ગાળી દિવસે મંડળીની સાઇટ પર કામ કરે અને રાતે જ્યાં ભરાઇ કામ ચાલતા હોય ત્યાં કામે જાય અને દર બે દિવસે એક રાત ઊંઘ લે. મધુબેનનો એક માત્ર ઇચ્છા હતી કે મારા દીકરાને સિવિલ એન્જીનિયર બનાવવાો છે, અને એ ધ્યેય પૂરો પણ કર્યો.

આજે એમનો દીકરો એક સિવિલ એન્જીનિયર તરીકે ફરજ બજાવે છે પણ આ મધુબેન હવે આપણી સાથે રહયા નથી આ મંડળીને તેની ખોટ જરૂર પડશે પણ ભગવાન ને જે ગમ્યું તે ખરું.

'સેવા' અને રચયિતા બાંધકામ મંડળી વતી મધુબેન ને શ્રધ્ધાંજીલ અર્પિત કરું છું.

''સલામ મધુબેન''

- *વર્ષા ઠાકર*

*

# સાચો હીરલો ખોવાઇ ગયો

મધુબેનનો મને સુખરામનગર નાકા પર સંપર્ક થયેલો ૧/૮/૧૯૯૮ના રોજ ત્યારથી આજ દિન સુધી તે 'સેવા'માં જોડાયેલ રહેલા.

તા.૧૧/૧૧/૧૯૯૮ના દિવસે બાંધકામદારોનું સંમેલન રાખેલ તો મધુબેન ૩ ટેમ્પા ભરી બહેનોને લઇ આવેલાં સંગઠનના કામમાં દરેક જગ્યાએ હાજર હોય. જ્યારે અનિલ બકેરીની સાઇટ પર ચણતર પ્લાસ્ટરની તાલીમ બહેનોને આપતા ત્યારે પણ મધુબેને ૩ મહિના તાલીમ લીધેલી અને રચયિતામાં જ્યારે રીવરફ્રન્ટમાં આપણે કામ રાખેલ ત્યારે તેમા મધુબેન બારલેન્ડીગનું કામ કરતા ૮ એમે ૧૨ એમે ૧૬ એમેના સળિયા ઘણથી કાપતા ખરેખર પુરુષ સમોવડી સ્ત્રી આપણે કહીએ છીએ તે વાત આ બેને સાબિત કરી બતાાવી. આ બેનના કામથી તો રચયિતા બાંધકામની ઓળખ થઇ અને જે સાઇટ પર કામે જાય ત્યાંના સુપરવાઇઝરો એન્જીનિયરો જોવા ચડે અને આ બેનનું કામ વખાણે મધુબેનમાં સુજબુજ બહું હતી કે કંપનીના એન્જીનિયરની ભુલો બતાવે કે તમે આટલા ઇચ ઓછું માપ લીધુ છે એના લીધે દિવાલમાં ત્રાસ આવે છે. એવા હતા આપણાં મધુબેન તેમના આત્માને ભગવાન શાંતિ આપે.

- *રમીલા*

*

મધુબેન માટે હું જે લખુ તે ઓછુ છે જ્યારે અમે અનિલ બકેરીની સાઇટ પર તાલીમ લેવા ગયા તો દર રોજ સવારે પોસ્ટ ઓફિસ આવી જતા અને બન્ને જણ વેજલપુર સાઇટ પર જતા. ત્યાં પાલખ પર ઊભા રહીને ઇંટો ગોઠવવા લાગ્યા તો બધા પુરૂષો જોવા ચઢયાં અને બીજી આજુ-બાજુની બહેનોને પણ કામ શીખવતા અને કહે સેવા આવુ બેનોનું કામ કરે છે એ તો મને ખબર નહોતી નહીતર કેટલાં બધા બહેનોને મેં તૈયાર કર્યા હોત પણ જાગ્યા ત્યારથી સવાર હવે હું કાયમ જીવીશ ત્યાં સુધી 'સેવા'માં જોડાયેલી રહીશ.

પ્રભુ તેમના પરિવાર પર આવી પડેલી આપતિને દૂર કરે અને પ્રભુ તેમના આત્માને શાંતિ આપે.

- *કપિલા*

હું સુખરામનગરના નાકે બેનો સાથે મીટિંગગ કરું તો મધુબેન મારી પાસે રહે અને કહે બેન મને સાથે રાખશો ? આ બધા નાકા પર માણસો સરખો જવાબ ના આપે. રચયિતામાં નવી સાઇડ ચાલુ થાય તો તેમનાથી શરૂ થાય ભલે પછી ગમે તેટલી દૂર સાઇટ હોય તેમને એક જ વાર જુએ મશીન પણ ચલાવી જાણે કટર ગ્રાઉન્ડર જેવા મશીનો ચલાવીને કામ કરે બીજાને પણ શીખવાડે. પહેલા તો ઉચ્ચકમાં ભરાઇમાં કામે જતા પણ જ્યારથી રચયિતા મંડળીમાં કામે જોડાયા ત્યારથી ૧૦ હજારથી ૧૫ હજાર કમાતા થયા. તેમના કામથી મંડળીની છાપ સારી થતી કે હકીકતમાં બેનો મંડળી સાચા અર્થે કામ કરે છે. મને વારંવાર કહેતા કે નવી પેઢીના કારીગરને તૈયાર કરતા રહો અમે નહિ રહીએ તો મંડળી ચાલુ રહે. મંડળીનું કામ આગળ વધેને આખા ભારતમાં આપણી રચયિતાનું નામ થાય તેવી ઇચ્છા રાખતા. ૧૨ વર્ષથી મંડળીમાં કાયમી રોજગારી મળવતા બસ ૨૦૧૬ એમના માટે જોખમી બન્યું કે તેમના

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On F/N Basis on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2015-17 Issued by S.S.P. Valid up to 31-12-2017.

Ahmedabad P.S.O.
6-3-2017

જીવનમાં ભૂકંપ આવી ગયો. બે ત્રણ રીપોર્ટ કરાવ્યા પણ પગનું કશુ જ નિદાન ના આવ્યું. સિવિલમાં ફરી ૩૦ દિવસના રિપોર્ટ કરાવ્યા છેલ્લે ખબર પડી કે બેનને હાડકાનું કેન્સર છે ત્યારે સાઈટ પર કામ કરતા હતા. ખબર પડી પહેલા અમને રીસેષમાં ખાવા બેસે તો કહે પગમાં ખૂબ જ દુઃખાવો થાય છે ચાલી નથી શકતી અમે રોજ બોલીએ કે તમે તપાસ કરાવો પણ ૧ દિવસ પાડવો તેમને પોસાય નહિ મને કહે બેન મારો ૪૫૦/- રૂપિયાનો દિવસ પડે. એમ કરતા બે વર્ષે ખબર પડી ત્યારે ખૂબ મોડુ થઇ ગયેલું એટલું મોડુ કે ૧૭/૨/૨૦૧૭ના રોજ કાયમ માટે અમારાથી દૂર જતા રહ્યાં મને યાદ છે ૨૦૦૬માં નેધરલેન્ડ ગયા ત્યારે ૨૧ દિવસે પાછા આવેલા વિદેશી જેવા બની ગયેલા એવા ગોરા થયેલા કે ઘરના પણ ઓળખી નહોતા શક્યા!

મને કહે સેવાનો ખૂબ ખૂબ આભાર આ મારામાં બદલાવ અને મારા ઘર પરિવાર માટે જે મેં કર્યુ તે સેવાના લીધે કરી શકી મને હજુ સાત મહિના પહેલા જ કહે બેન મને સારું થઇ જાય એટલે મને કામે રાખશો ને ? મારી જગ્યા કરજો મેં કહયું તમે ચિંતા ના કરો હું તમને ચોક્કસ કામે લઇ જઇશ. તો એમને આનંદ થયો. તેમના મુખ પર હાસ્ય હતુ તે હું આજ સુધી ભૂલી નથી. કાયમ તેમનો ચહેરો કાયમ હરખાતો જ હોય કામ પર કદાચ ભૂલ થઇ હોય તો ઠપકો આપીએ તો કદી ગુસ્સે ના થાય માફ કરો. કહે, હવે ભૂલ નહિ કરું. 'સેવા' રચયિતામાં લગભગ ૩૦ સાઇટ પર કામ કર્યુ છે કંપની સાહેબો પણ માની ગયા કે બેન ઘણાં હોશિયાર કેવું પડે. ભણેલા નથી પણ એક વારમાં તો સમજી લે છે.

- *રતનબેન*

❑

## અનસૂયા

- ૩૫માં વર્ષમાં પ્રવેશી ચૂકેલું પાક્ષિક 'અનસૂયા'
- થોકબંધ પ્રકટતા વૃત્તપત્રો વચ્ચે મહિલાઓની શ્રમશક્તિનું સુકાન બની અવિચળ સ્થાન મેળવી ચૂક્યું છે.
- શ્રમજીવી મહિલાઓ સાથે સમગ્ર મહિલાવિશ્વને એક તાંતણે બાંધવા સદાય તત્પરતા દાખવતો 'અનસૂયા'નો વાચકવર્ગ સર્વવર્ગીય છે.
- 'સેવા' અમદાવાદથી વિસ્તરીને ગુજરાત, ભારત, અને આંતરરાષ્ટ્રીય વિકાસ સાધે છે ત્યારે તેના મુખપત્ર 'અનસૂયા'ના ફલકનો વ્યાપ વધ્યો છે.
- વિસ્તૃત વાચકવર્ગ સુધી 'અનસૂયા' પહોંચાડવાના આદરેલા અભિયાનમાં જોડાવા હવેથી વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- અને આજીવન લવાજમ રૂા. ૭૦૦/-નો સૌનો સાથ અગત્યનો ગણાશે.

***દર મહિને છઠ્ઠી અને બાવીસમી તારીખે 'અનસૂયા' પ્રકટ થાય છે.***

**Place to Send Subscription :**

## Shree Mahila SEWA Anasooya Trust

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, sewaacdy@gmail.com

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

અનસૂયા **6-3-2017**

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - ૩૮૦ ૦૦૧